Extra No. 57

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **MONDAY, FEBRUARY 23, 2026 / PHALGUNA 5, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વંચાણમાં લીધું :-**

(૧) જિલ્લા શિક્ષણાધિકારી, પાટણના પત્ર ક્રમાંક : નિપા/SSC-HSC/૨૦૨૬ /૯૭૯૯ તા.૧૨/૦૨/૨૦૨૬

(૨) જિલ્લા શિક્ષણાધિકારી, પાટણના પત્ર ક્રમાંક : SSC/HSC/પરીક્ષા/૧૦૬૫૮-૫૯ તા.૧૬/૦૨/૨૦૨૬

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું**

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૨૧૯૦ થી ૨૨૫૪/૨૦૨૬.-સંદર્ભ - ૧ અને ૨ ના પત્રની વિગતોએ પાટણ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા HSC (વિ.પ્ર અને સા.પ્ર)/ SSC પરીક્ષા પાટણ જિલ્લામાં જુદા - જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. આ પરીક્ષા બિલ્ડીંગની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ દુકાનો બંધ રહે તેમજ માણસોના ટોળા એકઠા ના થાય તે માટે જાહેરનામું બહાર પાડવા સારૂ અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે HSC (વિ.પ્ર અને સા.પ્ર)/ SSC પરીક્ષા દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ / સેલ્યુલર/ ફોન/ પેજર/ કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવાતા કેન્દ્રો ચાલુ રાખવા નહી.

**અપવાદ** :- આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ /સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(3) ફલાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

સદરહું આદેશનો ભંગ કરી કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન / પેજર / કોર્ડલેસ ફોન / સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

## પરિશિષ્ટ

### પરીક્ષા કેન્દ્રો / બિલ્ડીંગની યાદી

| ક્રમ | શાળાનું નામ /પરીક્ષા બિલ્ડીંગનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| 1 | પી.પી.પટેલ હાઈસ્કુલ,ચાણસ્મા | ચાણસ્મા | ચાણસ્મા |
| 2 | શ્રીમતી કે.એ.પટેલ ગર્લ્સહાઈસ્કુલ,ચાણસ્મા | ચાણસ્મા | ચાણસ્મા |
| 3 | શ્રી એન.એચ સાર્વજનિક વિદ્યામંદિર, ધીણોજ | ધીણોજ | ચાણસ્મા |
| 4 | શ્રીમતી સી.એમ.કે ગર્લ્સ હાઈસ્કુલ, ધીણોજ | ધીણોજ | ચાણસ્મા |
| 5 | શ્રી સી.એ.શાહ નુતન વિદ્યાલય, વડાવલી | વડાવલી | ચાણસ્મા |
| 6 | શ્રી એચ.વી.પટેલ હાઈસ્કુલ, ચવેલી | ચવેલી | ચાણસ્મા |
| 7 | શ્રી કે વી પટેલ મેમોરીયલ હાઈસ્કૂલ, પાટણ | પાટણ | પાટણ |
| 8 | નૂતન વિનય મંદિર, પાટણ | પાટણ | પાટણ |
| 9 | જ્ઞાનમંદિર ઉ.મા. શાળા, પાટણ | પાટણ | પાટણ |
| 10 | નીમા વિદ્યાલય, પાટણ | પાટણ | પાટણ |
| 11 | એસ એમ દેસાઈ ગોપાલક હાઈસ્કૂલ, પાટણ | પાટણ | પાટણ |
| 12 | આદર્શ પ્રગતિ વિદ્યાલય, પાટણ | પાટણ | પાટણ |
| 13 | લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ, પાટણ | પાટણ | પાટણ |
| 14 | એકલવ્ય સ્કૂલ ઓફ સાયન્સ, પાટણ | પાટણ | પાટણ |
| 15 | શેઠ સી વી વિદ્યાલય, બાલીસણા | બાલીસણા | પાટણ |
| 16 | એલ એન ટી કન્યા વિદ્યાલય, બાલીસણા | બાલીસણા | પાટણ |

| | | | |
|---|---|---|---|
| 17 | શેઠ એમ.એન. હાઈસ્કૂલ, પાટણ | પાટણ | પાટણ |
| 18 | આદર્શ વિધ્યાલય, પાટણ | પાટણ | પાટણ |
| 19 | શ્રી બી.ડી.સાર્વજનિક વિધ્યાલય, પાટણ | પાટણ | પાટણ |
| 20 | શેઠ બી.એમ.હાઈસ્કૂલ, પાટણ | પાટણ | પાટણ |
| 21 | શેઠ વી.કે.ભૂલા હાઈસ્કૂલ, પાટણ | પાટણ | પાટણ |
| 22 | પી.પી.જી.એકસ. હાઈસ્કૂલ, પાટણ | પાટણ | પાટણ |
| 23 | રણુજ હાઈસ્કૂલ, રણુંજ | રણુંજ | પાટણ |
| 24 | શ્રીમતિ આર.ડી.કે.પટેલ વિધ્યાલય, ડેર | ડેર | પાટણ |
| 25 | શ્રી વિશા ઝરોળા વણિક સર્વ.વિધ્યાલય, કુણઘેર | કુણઘેર | પાટણ |
| 26 | કુણઘેર કુમાર પ્રાયમરી શાળા, કુણઘેર | કુણઘેર | પાટણ |
| 27 | અંજુમન હાઈસ્કૂલ, રાધનપુર | રાધનપુર | રાધનપુર |
| 28 | શેઠ કે.બી.વકીલ વિવિધલક્ષી, વિદ્યાલય(જુનું) રાધનપુર | રાધનપુર | રાધનપુર |
| 29 | શ્રી આદર્શ વિદ્યાલય, રાધનપુર | રાધનપુર | રાધનપુર |
| 30 | શ્રી નાલંદા માધ્યમિક વિદ્યાલય, રાધનપુર | રાધનપુર | રાધનપુર |
| 31 | શ્રી વિનય વિદ્યાલય, રાધનપુર | રાધનપુર | રાધનપુર |
| 32 | સરસ્વતી કન્યા વિદ્યાલય, રાધનપુર | રાધનપુર | રાધનપુર |
| 33 | મોડેલ સ્કુલ, રાધનપુર | રાધનપુર | રાધનપુર |
| 34 | શ્રી પી.સી પ્રજાપતિ વિદ્યાલય યુ-૧, શંખેશ્વર | શંખેશ્વર | શંખેશ્વર |
| 35 | ગ્રામ સેવા ઉ.બુ વિદ્યાલય , શંખેશ્વર | શંખેશ્વર | શંખેશ્વર |
| 36 | પ્રાથમિક કન્યા શાળા, શંખેશ્વર | શંખેશ્વર | શંખેશ્વર |
| 37 | મોડેલ સ્કુલ, સમી | સમી | સમી |
| 38 | પી આર પરમાર હાઈસ્કૂલ, સમી | સમી | સમી |
| 39 | શ્રી સમી માધ્યમિક શાળા(જી.ઈ.બી.પાસે), સમી | સમી | સમી |
| 40 | રાઇસિંગ સન સેકન્ડરી હાઈસ્કુલ, સમી | સમી | સમી |
| 41 | સામાન્ય વિદ્યાલય, કોઈટા | કોઈટા | સરસ્વતી |
| 42 | કોઈટા પગાર કેન્દ્ર પ્રા.શાળા, કોઈટા | કોઈટા | સરસ્વતી |
| 43 | શ્રી એમ એમ પટેલ વિદ્યાલય, વાયડ | વાયડ | સરસ્વતી |
| 44 | પી. આર જોષી વિદ્યાલય, સરીયદ | સરીયદ | સરસ્વતી |
| 45 | મહારાણા પી.જે.હાઈસ્કૂલ, જંગરાલ | જંગરાલ | સરસ્વતી |
| 46 | અંજુમન હાઈસ્કૂલ, ભીલવણ | ભીલવણ | સરસ્વતી |
| 47 | શ્રીમતિ આર.ડી.દેસાઈ ઉ.બુ.વિધ્યાલય, વાગડોદ | વાગડોદ | સરસ્વતી |
| 48 | સરીયદ કુમાર પગાર કેન્દ્ર શાળા, સરીયદ | સરીયદ | સરસ્વતી |

| | | | |
|---|---|---|---|
| 49 | શ્રી સાર્વજનિક ઉચ્ચ માધ્યમિક શાળા, વારાહી | વારાહી | સાંતલપુર |
| 50 | એસડી આચાર્ય પ્રાથમિક શાળા, વારાહી | વારાહી | સાંતલપુર |
| 51 | નુરેમદાર માધ્યમિક શાળા, વારાહી | વારાહી | સાંતલપુર |
| 52 | મોડેલ સ્કુલ, સાંતલપુર | સાંતલપુર | સાંતલપુર |
| 53 | શ્રી સી.એલ.પરીખ હાઈસ્કુલ, સાંતલપુર | સાંતલપુર | સાંતલપુર |
| 54 | શ્રી સરકારી ઉચ્ચ.માધ્યમિક શાળા, સાંતલપુર | સાંતલપુર | સાંતલપુર |
| 55 | ટી એન્ડ એચ એડનવાલા હાઈસ્કુલ, સિધ્ધપુર | સિધ્ધપુર | સિધ્ધપુર |
| 56 | શેઠ એમ પી હાઈસ્કૂલ, સિધ્ધપુર | સિધ્ધપુર | સિધ્ધપુર |
| 57 | પી જે એન્ડ આર કે શાહ ગર્લ્સ હાઈસ્કુલ, સિધ્ધપુર | સિધ્ધપુર | સિધ્ધપુર |
| 58 | આર બી સ્વામીનારાયણ હાઈસ્કુલ, સિધ્ધપુર | સિધ્ધપુર | સિધ્ધપુર |
| 59 | શેઠ એમ પી મોમીન વિદ્યાલય, મેથાણ | મેથાણ | સિધ્ધપુર |
| 60 | સી.સી.યોગાંજલિ વિદ્યા વિહાર, ગણેશપુરા | ગણેશપુરા | સિધ્ધપુર |
| 61 | શ્રી અભિનવ હાઈસ્કુલ, સિધ્ધપુર | સિધ્ધપુર | સિધ્ધપુર |
| 62 | શ્રી સ્થળ અંગ્રેજી માધ્ય. સ્કૂલ, સિધ્ધપુર | સિધ્ધપુર | સિધ્ધપુર |
| 63 | શ્રી સર્વોદય સર્વ વિધ્યાલય, કુંવારા | કુંવારા | સિધ્ધપુર |
| 64 | આઈ.ડી.સેલિયા વિધ્યાલય, કાકોશી | કાકોશી | સિધ્ધપુર |
| 65 | ઈલ્મો અમલ સેકન્ડરી સ્કુલ, કાકોશી | કાકોશી | સિધ્ધપુર |
| 66 | એલ. એસ. હાઈસ્કુલ, સિધ્ધપુર | સિધ્ધપુર | સિધ્ધપુર |
| 67 | શ્રી કે.પી.& એચ.એન.કે બેંકલી.હાઈસ્કુલ, હારીજ | હારીજ | હારીજ |
| 68 | શ્રી એન.એસ બેંક &આર.કે.પી તન્ના ગર્લ્સ હાઈસ્કુલ, હારીજ | હારીજ | હારીજ |
| 69 | શ્રીમતી આર.ડી.એ.ઠક્કર વિધામંદિર,હારીજ | હારીજ | હારીજ |
| 70 | એલ.એફ.ટી ગુજરાતી મીડીયમ, હારીજ | હારીજ | હારીજ |

આજ રોજ તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હિરેન ચૌહાણ, GAS**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ.

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.06 17:49:00 IST